# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હવે તો ન્યાયમાં પણ બજારમાં ભાવ થાય છે,
મારે ગૂલાંટો સુપ્રીમ સુધી, મોટા દાવ થાય છે,
'સાક્ષી ભાવે' જ થાય અહીં કામ બધાં કાળાં-ધોળાં,
તરવા વૈતરણી 'પૂર્વજીવન' નાવ થાય છે!

## હાઇકુ

અબજોપતિ,
સહારા, બે-સહારા-
કાયદા ભીંસે..

શરૂ થૈ ગઇ!
લાલુ પરિવારમાં -
યાદવાસ્થળી..

## ચિંતન

*ભક્તિ કઠિન અતિ દુર્લભ ભેષ સુગમ નિત સોય ।*
*ભક્તિ જુ ન્યારી ભેષ સે, યહ જાને સબ કોય ॥*

કબીર સાહેબે આ દોહરામાં ભક્તિ અને ભક્તનો દંભ કરનારાની વાત કરી છે. આપણે જાણીએ-સમજીએ જ છીએ કે ભક્તિનો માર્ગ અતિ કઠિન અને દુર્લભ છે. એમાં અનેક આપત્તિઓ આવે છે નરસિંહ અને મીરાંબાઇ, તુકારામનાં જીવન-દૃષ્ટાંત આપણી નજર સમક્ષ છે, દુષ્કર માર્ગ છે.

જયારે આજના ઠગ-ધૂતારા-દંભી બાપુઓ ભગવાં વસ્ત્રો પહેરી દાઢી-મૂછ-જટા વધારી મેલી વિદ્યાના જાદુઇ ચમત્કાર બતાવી ભગવાન બની બેસી જનારા પેટ-ગડચા-માત્ર ઉદર પોષણની પ્રવૃત્તિ માટે સાધુ થઇ જનારા-બાવાઓ-બાપુઓને જ્ઞાન-ભક્તિ સાથે સ્નાન સૂતકનો કોઇ જ સંબંધ નથી. 'ભક્તિ' એ આંતરિક વૃત્તિ છે અને વેશ-ટીલાં-ટપકાં-નિશાળીઓ સાથે કોઇ જ લેવા-દેવા નથી.

ગાંધીવાદી ચિંતક, લેખક સ્વામી આનંદ પહેલાં ભગવાં પહેરતા પણ ગાંધીજીના સિદ્ધાંત-કાર્યો-આચરણ જોઇ ગાંધી-આશ્રમમાં આજીવન અનુયાયી થવા અને અનુમતિ આપવા મહાત્મા ગાંધીજીને વિનંતી કરી. ગાંધીજીએ સૌ પ્રથમ શરત મૂકી તમારે તમારાં આ ભગવાં વસ્ત્રો ઉતારવાં પડશે અને સફેદ ખાદી અપનાવવી પડશે. સ્વામી આનંદે પૂછ્યું, કેમ?

ગાંધીજી કહે, આશ્રમમાં સ્વાશ્રય-પરિશ્રમ અને અગિયારવ્રત અપનાવવામાં 'સાધુવેશ' બાધારૂપ બને - આપણાં લોકો 'ભગવું' જોઇ ભાનભૂલી તેના તરફ પૂજ્યભાવ અનુભવે છે.

## સુવિચાર

- છિંદ્રવાળા વહાણમાંથી શું વજન ઓછું કરૂ.., જીવવાની વૃત્તિનો સહુથી વધારે ભાર છે - ચિનુ મોદી
- કુદરતી જીવન જીવો, સાદું પણ કસવાળું જમો, ખૂબ કામ કરો, હસો, ખેલો, ફરો આરોગ્ય તમારી મુઠ્ઠીમાં છે જ... દવાખાના શોધવા નહીં જ પડે - મોરારિ બાપુ
- નૈતિક આચાર વિનાનો ધાર્મિક આચાર પ્રાણ વિનાના શબ જેવો છે જે થોડીવારમાં જ સડીને ગંધાવા લાગે છે, એટલે ત્યાં આટલીબધી ધાર્મિકતા હોવા છતાં પ્રજાદુ:ખી છે કારણ નૈતિકતાનો અભાવ છે - સચ્ચિદાનંદ
- તમારા સતકર્મો જ ઇશ્વરની પૂજા છે, તમારા સદ્‌વિચારો જ ઇશ્વરને અર્પિત કરવાના પુષ્પો છે -વિવેકાનંદ
- જેના વહીવટ પાછળ કાગળ અને શાહી વધુ વપરાય એ 'લોકશાહી' - એસ.એમ.એસ.
- લેખકો, કવિઓનું કામ માણસનાં આત્માનો ઉદ્ધાર કરવાનું નથી, પણ તેને ઉદ્ધાર ને પાત્ર બનાવવાનું છે - એસ. ભટ્ટાચાર્ય
- જો તમે તમારી મુસ્કાન માટે તમે પ્રભુનો આભાર માનતા ન હોવ તો તમારાં આંસુ માટે પ્રભુને દોષ આપવાનો કોઇ જ અધિકાર નથી - જિનચંદ્ર

(સંકલન : દીપક વી.આસરા)

## બોધ કથા

ઘણીવાર સામાન્ય, ઝેર વિનાના સાપનાં ડંખથી પણ, માણસ મરી જાય છે, એમાં કારણભૂત 'મૃત્યુ' ભય છે. રોગથી મરનારાં કરતાં 'રોગની ચિંતા'થી ઘણા મરે છે. ઘણીવાર તો રોજ બહાદુરીપૂર્વક 'હવે મને ઉપાડી લે' કહેનારા પણ મૃત્યુ જયારે ખરેખર સામે આવી ઊભુ રહે ત્યારે ફફડી-મરે છે..

નસરૂદ્દીનના લગ્નને દસ વર્ષ થયાં પણ ઔલાદનું સુખ નો'તુ. પવિત્ર ફકીર પાસે જઇ ફરિયાદ કહી. ફકીર કહે, 'કાલ બીબીને લઇને આવજો.' (ફકીર સાચો ઓલિયો હતો - આશારામ નો'તો.)

બીજે દિવસે બંને ગયા. ફકીરે બીબીનું નિરીક્ષણ કર્યું, ગાલ પછી ડોકનો ભાગ હતો જ નહીં, ગોળ કોઠી જેવું આંખુ માંસલ શરીર, જમીન પર બેસી જાય તો બે જણા ઉભા કરનારા જોઇએ. ફકીરે કહ્યું, મિંયા, તારા નસીબમાં ઔલાદ તો છે પણ તારી બીબી હવે એક મહિનાની જ મહેમાન છે એટલે હવે શક્ય લાગતું નથી... બંને રડ્યાં. ફકીરને પણ ગુસ્સામાં જેમ-તેમ કહ્યું, ઘેર ગયાં...

બીબીનું ચિંતામાં ખાવા-પીવાનું હરામ થઇ ગયું. એક માસમાં તો 'ઝીરો ફીગર' થઇ ગઇ, જાણે કરીના! મહિના પછી ગુસ્સા સાથે 'જીવતી' બીબીને લઇ મિયાં ફકીર પાસે ગયા.. ફકીરે દુઆ દેતાં કહ્યું, મિંયા તુ સમજ્યો નહીં. તારી બીબી સ્થૂળ હતી ત્યારે સંતાનની શક્યતા ન હતી હવે ચોક્કસ થશે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# માણસમાં સારાં અને ખરાબ બંને તત્ત્વો રહેલાં છે, મૈત્રી, પ્રેમ, દયા અને કરુણાની જયોત પ્રગટે ત્યારે શુભ ભાવો પ્રકાશિક બનીને અંતરનો ઉજાસ પથરાય છે, માનવતા અને સર્વ જીવોના કલ્યાણની ભાવના સાથેનો ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે

## શુભ અને અશુભ : જેવું કરો તેવું પામો

### વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું
મુઝ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકળ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે
ગુણથી ભરેલા ગુણીજન દેખી
હૈયુ મારું નૃત્ય કરે
એ સંતોના ચરણકમલમાં
મુજ જીવનનું અર્ધ્ય રહે
દીન, ક્રૂર અને ધર્મવિહોણા
દેખી દિલમાં દર્દ રહે
કરુણાભીની આંખોમાંથી
અશ્રુનો શુભ સ્રોત વહે
માર્ગ ભૂલેલા જીવન પથિકને
માર્ગ ચીધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ મારગની
તો યે સમતા ચિત્ત ધરું
ચિત્રભાનુની ધર્મભાવના
હૈયે સૌ માનવ લાવે
વેરઝેરના પાપ ત્યજીને
મંગળ ગીતો એ ગાવે

પ્રેમ અને મૈત્રી જીવનનું અમૃત છે. બધું મળી જાય પણ પ્રેમ ન હોય, દિલમાં મૈત્રીભાવ ન હોય અને દયા અને કરુણા નહી હોય તો જીવન શુષ્ક બની જશે. મૈત્રીનાં ઝરણાઓ વહેતા રહેવા જોઇએ અને સાથે સાથે શુભ ભાવ પણ મનમાં પ્રગટ થવો જોઇએ. આપણે આપણું પોતાનું તો સારું ઈચ્છીએ એમાં કાંઇ નવાઇ નથી પણ બીજાનું સારુ ઈચ્છીએ, બીજાના સુખદુ:ખનો વિચાર કરીએ, તેમના પ્રત્યે હમદર્દી અને સહાનુભૂતિ વ્યક્ત કરીએ અને તેમના દુ:ખદર્દને દૂર કરવા માટે બની શકે એટલું કરીએ તો સમજવું કે જીવન પરિવર્તિત થયું છે. જીવનમાં આવો ભાવ અને ઉમળકો ઊભો થાય તો રહ્યો સહ્યો અહંકાર પણ દૂર થઈ જશે અને જીવનનો રાહ હળવોફૂલ જેવો બની જશે. રાગ- દ્વેષ, માન-માયા અને લોભ-તૃષ્ણાના કારણે આપણે આપણાથી આગળ વધી શકતા નથી. બીજાની પીડા ધ્યાનમાં આવતી નથી. મહાવીરે કહ્યું છે કે તમે જેવુ તમારા માટે વિચારો છો એવું બીજા માટે વિચારો, તમે જેવુ ઈચ્છો છો તેવું બીજા માટે ઈચ્છો આપણે જેવું આપણા માટે ઈચ્છીએ છીએ એવું બીજા માટે ઈચ્છી શકીએ કે? આવું થાય તો હું રહે નહી. હું ના સાથે તું આવી જાય. સામે ઉભેલો માણસ બીજો નથી પણ તે આપણું જ સ્વરૂપ છે એવો ભાવ પ્રગટ થાય તો એ સાચો ધર્મ છે.

માણસે ગુણાનુરાગી બનવું જોઇએ. સારું જોવાની કોશિશ કરવી જોઇએ. બીજાના દોષોને બદલે ગુણો તરફ નજર જવી જોઇએ. કોઈ માણસ સંપૂર્ણ નથી. દરેક માણસમાં સારું અને ખરાબ બંને હોય છે. સારું વિચારવું, સારુ જોવું અને સારાનું ચિંતન કરવું જોઇએ. આવો ભાવ ભો થશે તો આપણી ખરાબી પણ ધીમે ધીમે દૂર થઈ જશે અને મન નિર્મળ બની જશે. જેમનામાં આવા ગુણો હોય તેમનો આદર કરવો જોઇએ, તેમના જીવનમાંથી શીખતા રહેવું જોઇએ. આવા માણસો પારસમણિ જેવા હોય છે. તેના સંપર્કમાં આવતા માણસો કંચન જેવા બની શકે છે. દીન, ક્રૂર અને ધર્મવિહોણા લોકોને જોઇને દિલમાં દર્દ ભું થવું જોઇએ. દયા અને કરુણા દ્વારા આવા લોકોને સાચા માર્ગે વાળી શકાય. માર્ગ ભૂલેલા ભટકેલા માણસોને રાહ ચીંધવોએ ગુણીજનનું કાર્ય છે. આપણે સાચા માર્ગે જતા હોઈએ અને કોઈ ઉપેક્ષા કરે તો તેના પર ધ્યાન આપવાની જરૂર નથી. માનવતા સાથેનો ધર્મ અને વેરઝેરના સ્થાને ક્ષમા અને મૈત્રીનો ભાવ ભો થાય તો જીવનમાં આનંદમંગળ છે.

ગુરુદેવ ચિત્રભાનુજીએ તેમની આ લોકપ્રિય રચનામાં જીવન અને ધર્મનો સાચો માર્ગ બતાવ્યો છે. આમાં સૌથી મહત્ત્વની વાત શુભ થાઓ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે એ છે. માણસે હંમેશા સારો ભાવ રાખવો જોઇએ. અને શુભનું ચિંતવન કરવું જોઇએ. માણસના જેવા ભાવ હોય તેવું સુખ મળે. શુભ ભાવ હોય તો શુભને પામે અને અશુભ ભાવ હોય તો અશુભ મળે. થોર વાવીને ગુલાબની અપેક્ષા રાખી શકાય નહી. જેવું વાવીએ તેવું લણીએ. કરીએ તેવું પામીએ. માણસની અંદર જે પ્રકારનો ભાવ ભો થાય છે એ પ્રમાણે એનું જીવન ઘડાય છે. સારા વિચારો હોય તો વર્તન તે મુજબ થવાનું છે. પણ વિચારો મલિન હોય અને કોઈનું સારું વિચારી શકે નહી તો તે બીજાનું ભલું તો કરી શકવાનો નથી પણ ખુદનું ભલું પણ તેમાં થવાનું નથી. શુભ દૃષ્ટિથી માણસનાં આંતરચક્ષુ ખુલે છે અંદરનો આ પ્રકાશ બહારના અંધકારને ઓગાળી નાખે છે. શુભ ભાવનું આટલું મહત્વ છે અને તેનું ફળ એક યા બીજી રીત મળી રહે છે. જે શુભ કરે છે તેની સમક્ષ શુભ આવીને ભું રહે છે. આ અંગેની એક દૃષ્ટાંત કથા સમજવા જેવી છે.

એક વણિક અને એક મોચી એક જ ગામમાં રહેતા હતાં. ગામડેથી શહેરમાં ખરીદી માટે જાય. માર્ગમાં અર્ધે રસ્તે એક ડોશીની ઝૂંપડી હતી. વૃક્ષની શીતળ છાયામાં આવેલી આ ઝૂંપડી વટેમાર્ગુઓ માટે વિશ્રામનું સ્થળ હતી. વણિક અને મોચી ખરીદી કરવા માટે સાથે નીકળ્યા હતાં. બંનેને ભાતુ ખાવા માટે ડોશીએ વ્યવસ્થા કરી આપી. વણિકને ઝૂંપડીની અંદર ગાદી પર બેસાડયો અને મોચીને બહાર આંગણામાં જગા આપી. ભાતું વાપરીને બને જણ ગુજરીના સ્થળે ખરીદી માટે પડયા. જોઈતી ખરીદી કરીને બંને ઘર તરફ પાછા વળ્યા અને રસ્તામાં પાછા ડોશીમાની ઝુંપડી ખાતે ભાતુ વાપરવા માટે રોકાયા.

ડોશીમાએ આ વખતે મોચીને ઝૂંપડીની અંદર ગાદી પર બેસાડયો અને વણિકને આંગણામાં સ્થાન આપ્યું. વણિકને નવાઈ લાગી. તેને થયું ડોશીની કાંઈ ભૂલ થતી લાગે છે એટલે તેણે કહ્યું માજી હું વણિક છું. ઉચ્ચ વરણ છું.

માજીએ કહ્યું, મને ખબર છે એટલે તો મેં મોચીને અંદર ગાદી પર બેસાડયો છે અને તને બહાર. વણિકે કહ્યું, માજી તમારા આ શાસ્ત્રમાં મને કાંઇ સમજ પડતી નથી. તમે ઉંચાને નીચે બેસાડી દો છો અને નીચાને ઉંચે ચડાવી દો છો.

માજીએ કહ્યું આ દુનિયામાં કોઈ ઊંચ કે નીચ નથી. જેની ભાવના ઊંચી છે તે ઉંચો છે. અને જેની ભાવના નીચી છેતે નીચો છે. મેં તમારી ભાવના મુજબ જતી વખતે અને આવતી વખતે સ્થાન આપ્યું છે. તમે ખરીદી કરવા જતા હતા ત્યારે વણિકને ઘી ખરીદવું હતું, એટલે તેની ઊંચી ભાવના હતી. તેના મનમા હતું કે ખૂબ દુઝાણા હોય તો ઘી સસ્તુ મળે. મોચીને ચામડું ખરીદવું હતું એટલે તેની નીચી ભાવના હતી. તેના મનમાં હતું કે ખૂબ ઢોર મર્યા હોય તો સારું. ચામડું સસ્તુ મળે. જતી વખતે વણિકની શુભ ભાવના હતી એટલે તેને અંદર ગાદી પર બેસાડયો હતો અને મોચીની અશુભ ભાવના હતી એટલે તેને બહાર સ્થાન અપાયું હતું. પરંતુ તમે બંને પાછા આવ્યા ત્યારે તમારી ભાવના બદલાઈ ગઈ. વણિકને મનમાં થયું હવે દુધાળા ઢોર ઓછા થાય તો સારું થાય. ઘી મોંઘું થાય અને સારો નફો મળે અને મોચીને થયું હવે ઢોર ન મરે તો સારુ ચામડુ મોંઘુ થાય અને વધુ નફો મળે. આમ વળતી વખતે વણિકની ભાવના મારવાની થઈ અને મોચીની ભાવના બચાવવાની થઈ. એટલે મોચીને ઊંચુ સ્થાન આપ્યું અને વણિકને નીચું. ડોશીએ કહ્યું તમારી બંનેની વૃત્તિ તો સ્વાર્થી હતી. તમે જે કાંઈ કર્યુ છે તે તમારા લાભ માટે કર્યુ છે. પણ મેં તો તમારી ભાવના અનુસાર તમને સ્થાન આપ્યું. જેવા તમારા ભાવ, જેવી તમારી દૃષ્ટિ.

શુભ ચિંતવન તારે છે અને અશુભ ડુબાડે છે. જેવુ આપણે કરીએ તેવું ભોગવવું પડે છે. કર્મનો હિસાબ મળી રહે છે. આપણે બીજા પ્રત્યે સારુ વર્તન રાખીએ, બીજાનું ભલુ ઈચ્છીએ અને સહકારભર્યુ વલણ રાખીએ તો સામા માણસ તરફથી પણ એવો પ્રતિભાવ મળવાનો છે. કોઈનું સારું કરીએ તો કદી એળે જવાનું નથી. પણ આમાં બદલાની ભાવના હોવી જોઈએ નહી. કોઈ પણ જાતની અપેક્ષા વગર આવો ભાવ રાખવાનો છે. શુભ અને અશુભ બંને તત્ત્વો આપણામાં રહેલા છે. પ્રેમ, દયા અને કરુણાની ભાવના જયારે ઉત્કૃષ્ટ બને છે ત્યારે શુભ તત્ત્વો પ્રકાશિત થાય છે અને મનની અંદર ઉજાસ પથરાય છે. ભગવાન મહાવીરે ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યો છે. જેમાં જગતના સર્વ જીવોનું કલ્યાણ છે તે ધર્મ સર્વશ્રેષ્ઠ છે. ધર્મનું સાચુ અનુસરણ જીવન જીવવાનો માર્ગ ચીંધે છે અને સંસ્કાર પ્રેરે છે. સાચો ધાર્મિક માણસ અસંસ્કારી, સંકુચિત અને દંભી હોઈ શકે નહી. તે ખુલ્લા દિલવાળો ઉદાર મતવાદી હોવો જોઈએ.

માણસ જે કોઈ કાર્ય કરે તેમાં બીજાને હાનિ થાય, દુ:ખ પહોંચે, મન દુભાય એવું થવું જોઈએ નહી. મન, વચન અને કાયાથી કોઈનું અહિત થવું જોઈએ નહી. સમજતા હોઈએ અને જાણીબુઝીને આવુ કરીએ તો દોષ ઘેરા બને છે. ભૂલથી આવું કાંઇ થઈ જાય તો પશ્ચાતાપ અને ક્ષમા દ્વારા મનને સાફ કરી નાખવું એ સાચો ઉપાય છે.

# અમૃતવયે બસ સર્જન... માત્ર સર્જન કરતા સોનેટ સંચય 'સુષુમણા'ના રચયિતા જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'



## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

આગામી દશેરા સુધીમાં પ્રગટ થનાર ગુર્જર ગીતાંજલિ સોનેટમાળા શિર્ષક અંતર્ગત કવિવર રવિન્દ્રનાથ ટાગોરના ૧૦૮ ગીતાંજલિનો ગુજરાતી ભાષામાં અનુવાદનું ઉમદા પુસ્તક ઉપરાંત 'ધી ગાર્ડનર' અર્થાત 'ફૂલવાટીકાનો માળી' છંદોબદ્ધ ભાવાનુવાદના પુસ્તક માટે સાતેક વર્ષથી શબ્દ સાધના કરી રહેલા વરિષ્ઠ કવિ મજાના માણસ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'ના નિવાસ સ્થાને કવિ મિત્રો એસ.એસ. રાહી સાથે પંદર વર્ષ પૂર્વે કાવ્ય પાઠ કર્યો હતો. શ્રી જયંતભાઇનો પત્ર પણ મારી પાસે અકબંધ છે.

હમણાં જ તેમનો સોનેટ સંચય 'સુષુમણા' પુસ્તક પ્રાપ્ત થયું. હું તો રાજી રાજી થઇ ગયો કારણે પાંત્રીસ વર્ષ મેં વર્ગમાં છંદો બોર્ડવર્કથી અને ગાઇને વિદ્યાર્થીઓને શિખવ્યા હતા. 'સુષુમણા'નો ૧૪૧ રચનાથી મને તરોતાજા કરી ગયું છે.

લબ્ધ પ્રતિષ્ઠિત કવિ, લેખક અને સમિક્ષક, શ્રી રાધેશ્યામ શર્માએ પ્રતિભાવ આપતા લખ્યું છે કે,

'જય શ્રી યમુના મહારાણી' સંપ્રાપ્ત કરી તમે મને સધન્ય કર્યો. આજે કોઇ કવિ 'સંદૈવ્ય ભાવે' ગ્રન્થ લોકાર્પણ કરતો નથી, વળી પૂજ્ય માતા-પિતાશ્રીને પણ ભાગ્યે જ સમર્પણ કરતા હશે. ૧૦૮ પદોનાં કાવ્યાનુવાદ સાથે ગેય ધોળનું સર્જન કરીને તમે વૈષ્ણવ ગુણજ્ઞોને હર્ષવિભોર કરી એક પ્રકારનો વિક્રમ નોંધાવ્યો છે.

આ પુષ્ટી પદો માટે મારા પરમ સ્નેહીઓ મનસુખભાઇ સાવલિયા, હર્ષદેવજી જેવા ગુણજ્ઞોએ તમારી છંદ નિપુણ લેખિનીને માટે જે અભિપ્રાયો વ્યક્ત કર્યા છે તે તમામ સાભિપ્રાય અને સુપાત્ર સ્તવન સરીખાં છે.'

દેવમણી કોલેજ, વિસાવદરના પ્રાધ્યાપક ડો. અરૂણ કક્કડ શુભેચ્છા પાઠવતા પ્રતિભાવ આપ્યો :

'પચાસ વર્ષોથી સાહિત્યક્ષેત્રે વૈવિધ્યપૂર્ણ પ્રદાન કરી રહેલા કવિ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' પરંપરિત કાવ્ય પ્રણાલીને ધબકતી રાખનાર કવિ હોવા ઉપરાંત હાસ્ય સાહિત્યનાં ક્ષેત્રે પણ હાસ્યકથાઓ હાસ્ય એકાંકીનાં ચાર પુસ્તકો તેમજ પુષ્ટિ માર્ગીય પદ્ય રચનાઓનાં ૧૪ લઘુપુસ્તકો તથા સંસ્કૃત સુભાષિતોનાં રસાસ્વાદનાં ત્રણ પુસ્તકોનું પ્રદાન અદ્યપતિ કરી ચૂક્યા છે.

હવે વર્ષ ૧૯૧૨માં સાતમી સપ્ટેમ્બરે કવિ જયારે એમનાં જીવનનાં 'અમૃત વર્ષ' સમાં પંચોતેરમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે એમણે 'સુષુમણા' શીર્ષકનો સવાસો સોનેટ કાવ્યનો આ નૂતન સંગ્રહ પ્રકાશિત કરી નિવૃત્તિ કાળનો સુંદર સદુપયોગ કર્યો છે.'

જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' હાલ ૭૭ વર્ષના આરે પહોંચ્યા છે. ભલે પહોંચ્યા પણ આપણે પ્રભુ પાસે પ્રાર્થના કરીએ કે એમની મુરાદો પુરી કરે. એમની સાહિત્ય યાત્રા લાંબી છે. પંદર જેટલા પુષ્ટિમાર્ગીય પદ્યરચનાઓનાં પુસ્તકો ઉપરાંત ચૌદ જેટલા સાહિત્યિક પુસ્તકો પ્રગટ થયા છે. નટીયો સાલ્લો ખાટી ગયો! હાસ્યકથા હવે પછી પ્રકાશિત થશે.

ગુજરાતી સાહિત્યના ગરિમાપૂર્ણ સામયિકના તંત્રી સ્વ. પ્રબોધભાઇ ર. જોષીનું મંતવ્ય આ રહ્યું :

'જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' આપણા વયવૃદ્ધ અને વયસમૃદ્ધ કવિ છે. લય અને છંદ એમની પાસે દોડ્યા આવે છે. 'સપ્તકમ્' એ કદાચ એમનું ઓગણીસમું પુસ્તક. એ પછી 'સુષુમણા' શીર્ષકે ૧૪૧ કૃતિની નવી સોનેટમાળા લઇને આવે છે. એમણે મને કહેલું તેમ આ નવા સંગ્રહમાં 'સપ્તકમ્' માંથી ૨૮ સોનેટ લેવા ધારે છે. બીજાં ઉમેરી ૧૪૧ આંકડો સિદ્ધ થશે!

જયંત જી. ગાંધી આપણા કાવ્યસાહિત્યના સારા અભ્યાસી છે. જૂની પદરચનાઓ અને ભજનોના ઢાળ એમને આંગળીઓના વેઢે, એક વખત એમણે મને એક કાવ્યનો છંદોબદ્ધ અનુવાદ મોકલ્યો. મને એ છંદ ઓળખાયો નહી. ફોન કરી પૂછ્યું તો એ પણ સહેજ વિસામણમાં પડી ગયા. પછી થોડીવારે કોઇક જૂના ગીતની પંક્તિ અચાનક લલકારવા લાગ્યા. આમ એ લયની આંગળીઓ પકડીને પોતપોતાના પ્રદેશમાં ઘૂમતા રહે છે. એથી કયારેક રમણીય કાવ્યરચનાઓ નિપજી આવે છે તો કયારેક છંદ મોહમાં મૂળ કાવ્યની ભાવનાથી અલગ થવાતું હોય એવું ય લાગે. મારે આ માટે એમની સાથે ચર્ચાઓ થતી રહે છે. બીજાનો અભિપ્રાય સમજવાની, ધ્યાને ધરવાની એમની ઉદારતા મને સ્પર્શી ગઇ છે.

એમના વિષયોમાં પણ કેટકેટલું વૈવિધ્ય હોય છે. અધ્યાત્મભાવનાનાં કાવ્યો અને સ્રોતો તો જાણે ખરાં જ, કયારેક એ રસિક પણ થઇ બેસે, જૂના જમાનાની યાદ આવે તેવું... કોઇ વરણાગી ગીત પણ છેડી બેસે. એમણે ઘણાં વ્યક્તિલક્ષી કાવ્યો લખ્યાં છે. એનો અલગ સંચય થવો ઘટે. કેટકેટલા મહાનુભાવોને એમને અંજલિ અર્પી છે!

આપણો પદ્ય વારસો ઘણો સમૃદ્ધ છે. કવિ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' જેવાઓની અવિરત મહેનતે કરીને એ જળવાઇ રહ્યો છે. 'સુષુમણા' ના પ્રકાશન પ્રસંગે મારી હાર્દિક શુભેચ્છાઓ...

નિવૃત્ત આચાર્ય, લેખક અને સંસ્કૃત ભાષાના વિદ્વાન, સૌમ્ય, સરળ પ્રવૃત્તિ ધરાવતા મનસુખભાઇ સાવલિયાની શુભેચ્છા આ પ્રમાણે છે :

'સોનેટ માળા' દ્વારા જયંત ગાંધી એમના (સવાલો) જેટલા સોનેટોનો આ સંગ્રહ આગામી તા.૭મી સપ્ટેમ્બર ૨૦૧૨ નાં રોજ એ જયારે જીવનનાં પંચોતેરમાં અમૃત વર્ષમાં પ્રવેશ શમયે પ્રકાશિત કરીને માં શારદાનાં શ્રી ચરણોમાં ભાવપૂર્વક સમર્પિત કરે છે જેનું સુયોગ્ય નામાભિધાન કવિએ 'સુષુમણા' જેવું કર્યું છે. યોગની ભાષામાં 'સુષુમણા' નાડી દ્વારા 'ચૈતન્ય' અને ઉર્ધ્વગતિ કરે છે.

આ સોનેટો આપણી ચેતનાને પણ પુનિત પરાકાષ્ઠા પ્રત્યે લઇ જશે એવી શ્રદ્ધા સહ કવિ કુસુમાયુધને સહર્ષ અભિનંદન સહ નિરામય જીવનની શુભેચ્છા પાઠવું છું.'

કવિ જયંત જી. ગાંધી સાથે આજે પણ ફોન ઉપર વાત થાય છે. મારી ગઝલ, વાર્તા વાંચીને વાંસો થાબડતો ફોન કરે. કવિની પંક્તિઓ ગણગણવાની મજા આવે છે.

ગોપીગીત રચેલ ગુર્જર ગિરા, શોભી રવિ સર્વથા,
છંદો, ઢાળ અનેક ગીત રચના, ભાવાર્દ્ર જેણે રચ્યાં,
પુષ્ટિમાર્ગ વિષે સદૈવ રૂચિથી, સત્સંગ કાવ્યો કવ્યાંસ,
પીજો સૌ કુસુમાયુધે રચિત જે, 'સોનેટ'નું પાત્ર આ.

આજના માઇક્રોન સમયમાં ગુજરાતી સાહિત્યનાં પ્રસિદ્ધ કવિ, સમીક્ષક હરિકૃષ્ણ પાઠક સર્જકોની કૃતિઓ વાંચે ને પાછા યોગ્ય માર્ગદર્શન આપે. આજે કોનો કોની પડી છે! આવા માયાળુ સમીક્ષકો છે, માર્ગદર્શકો છે ત્યાં સુધી આ બધું જળવાશે પછી તો શૂન્યાવકાશ છવાશે એવું લાગે છે. હરિકૃષ્ણ પાઠક, જયંત જી. ગાંધી 'સુષુમણા' વિશે અને કવિ વિશે કહે છે કે,

'કુસુમાયુધ'નું ઉપનામ ધારણ કરનાર કવિ જયંત જી. ગાંધીનું મુખ્ય આયુધ છે

અનુસંધાન પાના. ૬ પર

# સર, મારો ટોની પ્રેમ મને કરતો એનાથી અનેક ગણો પ્રેમ એ રોઝને કરતો હતો, કોઇની દુશ્મનાવટનો એ શિકાર બન્યો છે, મારા સૌભાગ્યને બચાવી લો!

## સાક્ષી

- જય ગજ્જર

ટોનીએ એક બીઅર ઓર્ડર કરી લીસાને પૂછ્યું, "તમે અહીં નવા છો?"

"કેમ સવાલ કરો છો? બીઅરમાં રસ છે કે મારામાં?"

"બ્યુટીફુલ સ્ત્રીમાં કોને રસ ન પડે? મારી મૈત્રી ગમશે?"

"તમારા જેવા હસમુખા યુવાનની મૈત્રી જ નહિ સાથ પણ મને ગમશે!"

અને પછી તો બંનેએ થોડા દિવસમાં એ સાથને ગાઢ બનાવ્યો. સાચા પ્રેમની પ્રતીતિ થતાં બંને પરણી ગયાં.

એકાદ મહિનાના સહવાસ પછી ટોનીનાં પ્રેમમાં વિશ્વાસ ગાઢ બનતાં લીસાએ છૂપાવેલ રહસ્ય ખોલ્યું, "મારી બેબીને આપણા ઘેર લઇ આવીએ?"

"તારે બેબી છે?"

"હા, કેમ? મારો હેરી કાર અકસ્માતમાં મરણ પામ્યો પછી નોકરી કરવાની ફરજ પડી. બેબીને એક આશ્રમમાં મુકી આવી હતી."

થોડું વિચારી બોલ્યો, "તેં મને અંધારામાં કેમ રાખ્યો? હું તને પ્રેમ કરું છું. એમ હું તારી બેબીને પ્રેમ ન કરત? તારા સુખ માટે તને હું કેવી રીતે રોકી શકું તને યોગ્ય લાગે તે કર..."

અને બીઅર ઢીંચી ગયો. લીસા એની બેબીને ઘેર લઇ આવી. લીસા ખૂબ જ નમણી પ્રેમાળ બેબીને જોઇ કોઇ પણ હરખાઇ જાય. પણ ટોની પર કોઇ અસર ન થઇ. બલકે એના જીવનમાં એ આડખીલી બની રહી. લીસાનો સાથ ઝંખે ત્યારે રોઝ "મોમ" કહીને બૂમ પાડે કે તરત જ ટોની એની બેબી પાસે દોડી જાય. એ વખતે એના ગુસ્સાનો પારો આસમાને પહોંચી જતો. ધીરે ધીરે એની સહનશક્તિ બેકાબું બનતી જતી. લીસા એ જાણી ગઇ પણ ટોની જે શૈયાસુખ આપી પ્રેમથી ખુશ કરતો એટલે આંખ આડા કાન કરતી.

પણ એક દિવસ રોઝ માટે એના બર્થ-ડે કેક લઇને ઘેર આવી. ટેબલ પર કેક મુકી એને હેપી બર્થ ડે કહેવા એની રૂમમાં ગઇ. રોઝ સૂનમૂન પડી હતી. બાજુમાં દૂધનો ગ્લાસ પડ્યો હતો. એનો જીવ ચાલ્યો ગયો હતો. એણે ચીસ પાડી. પણ રહસ્ય સમજાઇ જતાં એણે ફોન કરી એમ્બ્યુલન્સ બોલાવી. ડોકટરે તપાસ કરી કહ્યું, "સોરી, શી ઇક્ષ નો મોર! કોઇએ દૂધમાં પોટાશિયમ સાઇનાઇડ ભેળી એનો જાન લીધો છે."

એ સાંભળતાં જ લીસાએ પોલીસને ફોન કરી ટોની વિરૂદ્ધ ફરિયાદ કરી.

પોલીસ ટોનીને હાથકડી પહેરાવી લઇ ગઇ. કેસ ચાલ્યો. લીસાએ વિચાર્યું, "હું એની વિરૂદ્ધ જુબાની આપીશ તો એને જીવનકેદની સજા થશે. એથી મારી બેબી પાછી નથી આવવાની. માટે શા માટે એક સ્વજનને જેલના સળિયા પાછળ સભડવા દેવો?"

અને એણે મેજીસ્ટ્રેટ સમક્ષ જુઠાણું રજૂ કર્યું, "સર, મારો ટોની પ્રેમ મને કરતો એનાથી અનેકગણો પ્રેમ એ રોઝને કરતો હતો. કોઇની દુશ્મનાવટનો એ શિકાર બન્યો છે. મારા સૌભાગ્યને બચાવી લો!" પડતાં અવાજે કાકલૂદી કરી.

મેજીસ્ટ્રેટને એક માના શબ્દોમાં વિશ્વાસ બેસતાં ટોનીને મુક્ત કરી પોલીસને વધુ તપાસ કરવા સૂચના આપી.

લીસા ટોનીને એની કારમાં લઇ ઘેર જવા નીકળી.

રસ્તામાં ટોનીએ પૂછ્યું, "ડિઅર તેં મને સજામાંથી કેમ ઉગારી લીધો?"

"તું જેલના સળિયા પાછળ સબડ્યા કરત તો મારો ટોની મને ઓછો પાછો મળત?"

એના જવાબથી પીગળી ગયેલ ટોનીએ "ડીઅર હાઉ મચ યુ કેર ફોર મી" કહી લીસાને બે બાહુ વચ્ચે ઝકડી એનો પ્રેમ ઠાલવતો રહ્યો.

-jaygajjar26@gmail.com